Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૩૯૫૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૦૩/૦૪/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ - ગ્રાન્ટેડ નોન

તમામ શાળાઓ, જિ - સુરત.

વિષય:-ધોરણ-૧૨ પછીના કોલેજના પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા ઓનલાઇન થતાં તે અંગેની જાણ તમામ વિદ્યાર્થીઓને કરવા બાબત.

આ સાથે સામેલ સરકારી વિજ્ઞાન કોલેજ,વરાછા,સુરતના પત્ર ક્રમાંક:- સવિકોવ/પ્રવેશ/**GCAS**/૨૦૨૪/૨૩૮ તા.30/03/૨૦૨૪ના પત્ર અન્વયે શિક્ષણના વિવિધ આયામોમાં ટેકનોલોજીના માધ્યમથી ધોરણ-૧૨ પછીની પ્રવેશ પ્રક્રિયાને સરળ તેમજ પારદર્શક બનાવવાના હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા **Gujarat Common Admission Services (GCAS)** પોર્ટલની રચના માટે જણાવેલ તાલુકાની તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉપર મુજબ

GOVERNMENT SCIENCE COLLEGE,
VARACHHA
Estd. 2022
SMC School no.303 Samrat Ashok Prathamik Shala, Simada, Surat-395006
AISHE Code : C-68004 College Code : 468 Contact No. : 9879066558
Email : gscvarachha@gmail.com Website : gscvarachha.edu.in

સત્યમેવ જયતે
Government of Gujarat

GOVERNMENT SCIENCE COLLEGE VARACHHA
सा विद्या या विमुक्तये

જા.નં.સવિકોવ/પ્રવેશ/GCAS/૨૦૨૪/૨૩૮ તા. 30/03/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ધોરણ ૧૨ અભ્યાસક્રમની
બારડોલી, મહુવા, માંડવી, પલસાણા,
કામરેજ તાલુકાની સરકારી, ગ્રાન્ટેડ,
નોન-ગ્રાન્ટેડ, તમામ શાળાઓ,
જીલ્લો-સુરત

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર :-
તારીખ :- ~~2068~~
સંખ્યા :- 2067
સહી :-

વિષય: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના Gujarat Common Admission Services (GCAS) પોર્ટલની માહિતીથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા બાબત.

સંદર્ભ: ૧. સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/KBG/E-file/3/૨૦૨૩/૦૫૧૪/KH-૧, તા-૧૫/૦૯/૨૦૨૩.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઉશિક/મકમ-૨/GCAS/કા.ફે./૨૦૨૪/૨૩૫૮-૯૧, તા-૧૩/03/૨૦૨૪

શ્રીમાન,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ(NEP-૨૦૨૦) અંતર્ગત આમુખમાં વંચાણે લીધેલા સંદર્ભ ઠરાવ ૧ થી શિક્ષણના વિવિધ આયામોમાં ટેકનોલોજીના માધ્યમથી ધોરણ ૧૨ પછીની પ્રવેશ પ્રક્રિયાને સરળ તેમજ પારદર્શક બનાવવાના હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા Gujarat Common Admission Services (GCAS) પોર્ટલની રચના કરવામાં આવેલ છે. જે અંતર્ગતની ગુજરાતની તમામ સરકારી યુનિવર્સીટીઓમાં એડમીશન માટે એક કોમન પોર્ટલ GCAS એ યુનિવર્સીટીઓના બધાજ અભ્યાસક્રમો, ફેકલ્ટી, યુનિવર્સીટી સલગ્ન તમામ કોલેજો અને વિદ્યાર્થીઓને આવરી લેતી શરૂઆતથી અંત સુધીની એડમીશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે બનાવાયેલ એક સરળ અને સુરક્ષિત પોર્ટલ/એપ્લીકેશન છે.

આથી GCAS પોર્ટલ અંતર્ગત આપણા વિસ્તારની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત(VNSGU)ની અને અન્ય તમામ સરકારી યુનિવર્સીટીઓ માટે આગામી સત્ર ૨૦૨૪-૨૫ની પ્રથમ વર્ષ એડમીશન માટેની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પ્રથમવાર થવાની હોઈ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી



Scanned with OKEN Scanner

ગાંધીનગર દ્વારા સંદર્ભ દર્શિત પત્ર ૨ મારફત અત્રેની સરકારી વિજ્ઞાન કોલેજ, વરાછા ને GCAS પોર્ટલ માટેનું હેલ્પ સેન્ટર બનાવવામાં આવેલ છે.

ઉપરોક્ત માહિતી ને ધ્યાનમાં લેતા આપશ્રીને જણાવવાનું કે સરકારી વિજ્ઞાન કોલેજ, વરાછા GCAS Help Center ખાતે ધોરણ ૧૨ પછીની પ્રવેશ પ્રક્રિયા માટે નીચે મુજબની કામગીરી વિનામૂલ્યે કરવામાં આવશે. જેની આપની શાળાના વિદ્યાર્થીઓને જાણ કરવા માટે આપના સહકારની અપેક્ષા છે.

<u>સરકારી વિજ્ઞાન કોલેજ, વરાછા - GCAS Help Center ખાતે કરવાની થતી કામગીરી.</u>

૧. ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ થયેથી વિદ્યાર્થીઓના પ્રવેશ માટે GCAS પોર્ટલ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા.

૨. રજિસ્ટ્રેશન કરાવી બેઝીક માહિતી સાથે પોતાને જે તે કોલેજમાં પસંદગીના કોર્ષમાં અભ્યાસ કરવો હોય તે કોલેજ માટેની પસંદગીની ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા.

3. ધોરણ ૧૨ના પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીની શૈક્ષણિક માહિતી તેમજ ઓનલાઈન ફી ભરવાની પ્રક્રિયા.

૪. ધોરણ ૧૨ના પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીના તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટના વેરીફીકેશનની પ્રક્રિયા.

૫. પ્રવેશ પ્રક્રિયાને લગતી કોઈપણ પ્રકરની માહિતીની જાણકારી.

આ બાબતની વધુ જાણકારી માટે સરકારી વિજ્ઞાન કોલેજ, વરાછા-GCAS Help Center દ્વારા સુરત જીલ્લાના ધોરણ ૧૨ની પરીક્ષા આપેલ તમામ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ માટે એક ઓનલાઈન ZOOM મિટિંગનું પણ આયોજન કરેલ છે. જેની વિગત આ સાથે સામેલ છે. અને આ મિટિંગમાં આપની શાળાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ જોડાય તે માટે આપની કક્ષાએથી પ્રયત્ન કરી સહભાગી થશો.

ઉપરોક્ત તમામ બાબતોને તથા વિદ્યાર્થીના હિતને ધ્યાને રાખી પત્રમાં જણાવેલ તેમજ બિડાણમાં સામેલ માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા આપને અનુરોધ છે.

For, Shah H.M
આચાર્ય 30/03/24
સરકારી વિજ્ઞાન કોલેજ,
વરાછા, સુરત.

બીડાણ:

૧. સંદર્ભ દર્શિત પત્ર ૨

૨. GSC VALOD-GCAS HELP CENTER બ્રોશર

3. ZOOM મિટિંગ માહિતી

નકલ રવાના મારફત:

માન. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.

Scanned with OKEN Scanner

सत्यमेव जयते

**Education Department**

Government of Gujarat

GUJARAT COMMON ADMISSION SERVICES

GCAS

# GENERAL INSTRUCTIONS

# USER REGISTRATION & ADMISSION PROCESS

**DECEMBER 2023**


**Prepared by - Department of Education, Government of Gujarat**

# General Instructions

## USER REGISTRATION AND ADMISSION PROCESS

**A. New User ID Creation:**

1. Visit the GCAS website
2. Look for an “Apply Now” option or register through the online registration link: “[http://gcas.gujgov.edu.in/](http://gcas.gujgov.edu.in/)”





3. Online registration form filling with the required personal details
    - **Name:** The student needs to fill in his/her name, exactly as it is mentioned in their HSE Marksheet/ 12th Standard Marksheet.
    - **Date Of Birth:** The student needs to submit the Date of Birth in DD/MM/YYYY format exactly as it is mentioned in their Higher Secondary Examination Marksheet (HSE)/ 10th Marksheet.
    - **Mobile No**: In the format Country Code with the Ten Digit Mobile Number e.g. (91) 9632388997 **(the student needs to share a valid mobile number which is easily accessible throughout the admission process)**
    - **Email ID:** The student needs to provide a valid email ID. E.g. abcdef@gmail.com, abcdef@yahoo.com and others.
4. Review & final submission
5. An OTP will arrive at the registered Email ID and Contact Number.
6. ID Creation of the User
7. The Username and Password will be sent to the relevant Email ID and Contact Number.
8. The student needs to immediately change the password post registration.


**Note: A unique student ID will be created post-registration by the website. The student needs to use those credentials (i.e., Username and password) while logging in.**

**B. Admission Process:**


1. The student needs to login to the portal with the User ID and Password as provided post-registration.




2. An OTP will arrive at the registered Email ID and Contact Number.
3. Post Login, the student will be able to access the application form.
4. The student will have to shortlist the course/s and the Universities/ Colleges offering respective courses in the state. The student may choose as many streams, courses or universities/ colleges as they wish.




5. Post-selection of the courses and their relevant Universities/ Colleges, the student will need to fill out an application form.


Gujarat Common Admission Services
Department of Higher Education
Application Status | Profile | Academic | Choice | Freeze | Payment | Welcome, 2300000005

Applicant Profile

**Basic Details** — * Fields are Mandatory

Applicant Name*: AKASH
Birth Date*: 23-11-2023
Email*: skyp11999@gmail.com
Mobile No.*: 9727699820
Category*: Open
Gender*: Male
Disabilty*: None
Father Name*: PRAVIN BHAI
Mother Name*: p
Alternate Mobile No.*: 3333333333
Aadhar No*: 888888888888
ABC Id*: 89999999999999999999
Invalid Aadhar No
Course Type*: Under Graduate
Choose File login.png
Choose File gicas_quick_regi.png


**Communication Address Details** — * Fields are Mandatory

Address*: gandhinagar
Country*: India
State*: Gujarat
District*: Gandhinagar
Taluka*: Gandhinagar
PinCode*: 122222

Save | Cancel

© 2024, GCAS — Developed By: Guj. Info Petro Ltd.

6. While filling out the application form, a few things are to be considered:
   - **Name:** The student's name should be as per the Higher Secondary Examination (HSE) Marksheet/12th Marksheet.
   - **Date of Birth:** The date of birth should be as mentioned in the 10th Marksheet / School Leaving Certificate.
   - **Category:** Relevant document proofs for the category need to be uploaded by the students of EWS (Economically Weaker Section) of General Category, SC (Scheduled Caste), ST (Scheduled Tribe), OBC (Other Backward Caste) & SEBC (Socially and Economically Backward Class category and Nomadic Tribes and De-notified Tribes.


Gujarat Common Admission Services
Department of Higher Education
Application Status | Profile | Academic | Choice | Freeze | Payment | Welcome, 2300000005

Academic Details

**H.S.C. Details** — * Fields are Mandatory

Last Qualifying H.S.C Exam Board*: GSHSEB
H.S.C. Passing Year*: -- Please Select --
H.S.C. Passing Month *: -- Please Select --
H.S.C. Theory Obtained Marks *
H.S.C. Theory Total Marks *
Theory Percentage *
H.S.C. Aggregate Obtained Marks *
H.S.C. Aggregate Total Marks *
Aggregate Percentage *

**S.S.C. Details** — * Fields are Mandatory


Last Qualifying S.S.C. Exam Board*: -- Please Select --
S.S.C. Passing Year*: -- Please Select --
S.S.C. Passing Month *: -- Please Select --
S.S.C. Theory Obtained Marks *
S.S.C. Theory Total Marks *
Theory Percentage *
S.S.C. Aggregate Obtained Marks *
S.S.C. Aggregate Total Marks *
Aggregate Percentage *

Save | Cancel


© 2024, GCAS — Developed By: Guj. Info Petro Ltd.

1. Review of the filled application form. (**It is recommended to revisit the entire application form before final submission)**

2. Application fee payment through the provided Payment Gateway link. (One-time application fee payment for the selection of unlimited Universities/ Colleges, Streams, and Courses).
3. The filled application form will automatically be sent to the respective email ID of the student.




4. Final submission by the student.




5. Submitted applications will be sent to all the Universities/ Colleges chosen by the student.

6. Each University/ College will create separate merit lists of the students. The University/ College may be asked to create a merit list and send emails to the students as per their merit list.
7. Based on the merit list, the chosen student will visit the University/ College for document verification and fee submission.
8. University/ College will confirm and enrol the student.

**Password Reset:** The student may reset their password at any time following the steps as mentioned below:

1. Click on the Forgot Password tab available on the Login Page.




2. Enter the Email ID, Application No. and Date of Birth of the User Student and click on Submit Button.
3. An OTP will arrive at the registered Email ID or Contact Number.
4. Reset the password

**Other Important Instruction:**

1. It is mandatory to answer all the questions before the final submission.
2. Always make sure to provide an updated email ID and Contact number. All updates regarding the application form will be sent to this number.
3. It is mandatory for the student to submit an active contact number of parents/ guardians.
4. It is mandatory to enter all the qualification-related details correctly. This helps Universities/ Colleges in shortlisting the submitted application forms.
5. The student needs to visit the University/College after receiving an email from the chosen list of Universities/Colleges for document verification and final enrolment.
6. Disability: If a student is differently abled, then he/she needs to submit a certificate of more than 45% of Physical Disability.




सत्यमेव जयते

**Education Department**

Government of Gujarat

# GUJARAT COMMON ADMISSION SERVICES


**Commissionerate of Higher Education, 2nd Floor,**

**Block No. 12, Dr.Jivraj Mehta, Gandhinagar. 382021**

**E-mail: support-gcas@gujgov.edu.in | 9274100797**

# ફ્લો ચાર્ટ

Back


REGISTRATION PROCESS
Registration Advertisement in Leading Newspaper and Website of Education Department, Universities & Colleges
01
Online filling of registration form through Online Registration Link WW-W.GCAS.edu.in
02
Submitting required information
03
Review filled registartion details and submission
04
User Id Creation (Username and Password will be sent to the Email id and Contact no.)
05
APPLICATION PROCESS
Candidate Login through the provided credentials
06
Selection of Stream/Courses & Universities/Colleges (Student Can Select Multiple Courses & Instiitutes to apply)
07
Application form filling and relevant document uploading
08
Application form Preview & Print
09
Registration Fee Payment & Reciept Generation
10
Application Submission by the Candidate
11
ENROLLMENT PROCESS
Final Application will be sent to applied University & College
12
Merit List will be prepared by each Universities & Colleges and mail will be sent to the chosen students
13
The chosen students will visit the University/ College for document verification and fees submission
14
University/ College will confirm and enroll the candidate
15

Copyright © 2023 GCAS

# માહિતી માર્ગદર્શિકા (યુજી, પીજી અને પીએચડી માટે)

Back

## માર્ગદર્શન (સ્નાતકકક્ષાના અભ્યાસક્રમો)

**A. ભૂમિકા :** સ્નાતકકક્ષાએ સાયન્સ, આર્ટ્સ, કૉમર્સથી માંડીને રૂરલ સ્ટડીઝ અને અન્ય વિદ્યાશાખાઓના વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અનુસાર વિદ્યાર્થી એક વર્ષના પ્રમાણપત્ર અભ્યાસક્રમથી લઈને બે વર્ષના ડિપ્લોમા, ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમ અને ચાર વર્ષના રીસર્ચ અભ્યાસક્રમ સુધીના સમયગાળા માટે સ્નાતકકક્ષાના અભ્યાસક્રમની પસંદગી કરી શકે છે.

વિદ્યાર્થીઓને અનુસ્નાતકકક્ષાએ વિશિષ્ટ અભ્યાસની પસંદગી કરતાં પહેલાં તેમના પસંદ કરેલા અભ્યાસક્રમક્ષેત્રની પાયાની સમજ પૂરી પાડવા માટે શૈક્ષણિક માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

**B. શૈક્ષણિક યોગ્યતા :** કોઈ પણ વિદ્યાર્થી કે જેણે કોઈ પણ બોર્ડ એટલે કે ISCE, CBSE, GSHEB અને NIOSમાંથી સફળતાપૂર્વક હાયર સેકન્ડરી એક્ઝામિનેશન (HSE) પૂર્ણ કરી હોય.

**C.** જરૂરી દસ્તાવેજો અને તેને મંજૂર કરનાર સત્તાધીશો

| જરૂરી દસ્તાવેજો | દસ્તાવેજ માટેનું સૂચિત માળખું |
|---|---|
| 1. ફોટોગ્રાફ્સ | સફેદ બેકગ્રાઉંડ ધરાવતા અને બંને કાન જોઈ શકાય તેવા, વેશવાંછુ વિદ્યાર્થીના તાજેતરના બે પાસપોર્ટ સાઇઝના રંગીન ફોટોગ્રાફ (jpeg અથવા jpg ફોર્મેટમાં) |
| 2. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ (HSE) | પીડીએફ ફોર્મેટમાં સ્કેન કરેલી નકલ. બધી માહિતી સ્પષ્ટ રીતે દેખાતી હોવી જોઈએ. |
| 3. સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ | |
| 4. પાસિંગ સર્ટિફિકેટ/ટ્રાયલ સર્ટિફિકેટ | |
| 5. માઈગ્રેશન સર્ટિફિકેટ (જો વિદ્યાર્થીએ ગુજરાત બહારથી 12મું ધોરણ પાસ કર્યું હોય તો) | |
| 6. ડોમિસાઇલ સર્ટિફિકેટ | |
| 7. કેટેગરી સર્ટિફિકેટ | |
| 8. પારિવારિક આવકનું પ્રમાણપત્ર | |
| 9. ફ્રી શિપ સર્ટિફિકેટ | |
| 10. વિકલાંગપણું ધરાવતી વ્યક્તિનું પ્રમાણપત્ર | |
| 11. ઓળખના પૂરાવા (આધાર કાર્ડ, પાન કાર્ડ) | |
| 12. 10મા ધોરણની માર્કશીટ (ઉંમરના પૂરાવા માટે) | |

**નોંધ: ૧. ઉપર જણાવેલા દસ્તાવેજો માત્ર સક્ષમ અને અધિકૃત સત્તાધીશ દ્વારા આપવામાં આવ્યા હોય તે જ માન્ય ગણવામાં આવશે. અન્ય કોઈ દસ્તાવેજો સ્વીકાર્ય નહીં બને.**

**2. સ્થાનિક ભાષામાં દસ્તાવેજોની ઉપલબ્ધતાના કિસ્સામાં, અરજદારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ**

**દસ્તાવેજોના અનુવાદની પ્રમાણિત નકલો અંગ્રેજીમાં અપલોડ કરે. અંગ્રેજી ટ્રાંસ્ક્રિપ્ટ ઉપલબ્ધ ન હોવાના કિસ્સામાં,**

**અરજી નામંજૂર કરવામાં આવશે.**


# સામાન્ય સૂચનાઓ

Back

## વિદ્યાર્થીની નોંધણી અને પ્રવેશપ્રક્રિયા

**A. વપરાશકર્તા/વિદ્યાર્થીનું નવું ID બનાવવું :**

1. GCAS વેબ સાઇટ પર જવું
2. 'Apply Now'નો વિકલ્પ શોધવો, અથવા http://gcasstudent.gujgov.edu.in/ એ ઓનલાઈન રજિસ્ટ્રેશન લિન્ક દ્વારા રજિસ્ટ્રેશન કરવું.




3. જરૂરી વ્યક્તિગત વિગતો સાથે ઓનલાઇન નોંધણી ફોર્મ ભરવાની પ્રક્રિયા :

•**નામ :** HSC માર્કશીટ/૧૨મા ધોરણની માર્કશીટમાં હોય તે પ્રમાણેનું ઉમેદવારે પોતાનું નામ ભરવાનું રહેશે.


•**જન્મતારીખ :** ઉમેદવારે તેમની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ HSEકે 10મા ધોરણની માર્કશીટમાં ઉલ્લેખ કર્યા મુજબ DD/MM/YYYY ફોર્મેટમાં, એટલે કે તારીખ, મહિના અને વર્ષ પ્રમાણે જન્મતારીખ નોંધવાની રહેશે.

૮. ઉમેદવારે રજિસ્ટ્રેશન પછી તરત જ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.

નોંધ: રજિસ્ટ્રેશન કર્યા પછી વિદ્યાર્થીનું પોતાનું ખાસ આઇડી વેબસાઇટ પર બનાવવામાં આવશે. લૉગ ઇન કરતી વખતે ઉમેદવારે પોતાની ઓળખ (યુઝરનેમ અને પાસવર્ડ)નો ઉપયોગ કરવાનો રહેશે.

**B. પ્રવેશપ્રક્રિયા :**


1. ઉમેદવારે પોર્ટલ પર નોંધણી કર્યા પછી આપવામાં આવેલ યુઝર આઇડી અને પાસવર્ડ સાથે પોર્ટલમાં લૉગ ઇન કરવાનું જરૂર છે.





2. રજિસ્ટર્ડ ઇ-મેઇલ આઇડી અને મોબાઇલ નંબર પર એક ઓટીપી આવશે.

3. લૉગ ઈન કર્યા પછીવિદ્યાર્થી પોતાનું એપ્લિકેશન ફોર્મ જોઇ શકશે, એક્સેસ કરી શકશે.

4. ઉમેદવારે રાજ્યમાં સંબંધિત અભ્યાસક્રમો અને યુનિવર્સિટીઓ/કૉલેજોને પસંદ કરવાની રહેશે. વિદ્યાર્થી ઇચ્છે તેટલા પ્રવાહ, અભ્યાસક્રમ અથવા યુનિવર્સિટીઓ/કૉલેજો પસંદ કરી શકે છે.






6. અરજી ફોર્મ ભરતી વખતેકેટલીક બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

•નામ : વિદ્યાર્થીનું નામ હાયર સેકન્ડરી એક્ઝામિનેશન (HSE) માર્કશીટ પ્રમાણે/૧૨મા ધોરણની માર્કશીટ મુજબનું હોવું જાઈએ.

•જન્મતારીખ : જન્મતારીખ 10મા ધોરણની માર્કશીટ અને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં જણાવ્યા મુજબની હોવી જોઇએ.

•કેટેગરી : કેટેગરી માટે આ પ્રમાણેના દસ્તાવેજ, પૂરાવાઓ ઉમેદવારે અપલોડ કે સામેલ કરવાના રહેશે : જનરલ કેટેગરીમાં આવતા ઇડબ્લ્યુએસ (આર્થિક રીતે નબળા વર્ગ), એસસી (અનુસૂચિત જાતિ), એસટી (અનુસૂચિત જનજાતિ), ઓબીસી (અન્ય પછાત જાતિ) અને એસઇબીસી (સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ), વિચરતી જનજાતિઓ અને બિન-સૂચિત જનજાતિ





7. ભરેલા અરજી ફોર્મનું પુનરાવલોકન. (આખરી સબમિશન કરતાં પહેલાં સમગ્ર અરજીપત્રક પર ફરીથી એક નજર નાખવાનું સૂચન કરવામાં આવે છે.)

8. આપવામાં આવેલી પેમેન્ટ ગેટવે લિન્ક દ્વારા એપ્લિકેશન ફીની ચૂકવણી. (યુનિવર્સિટીઓ/કોલેજો, પ્રવાહો અને અભ્યાસક્રમોની અમર્યાદિત પસંદગી માટે માત્ર એક વખતની એપ્લિકેશન ફીની ચૂકવણી).

9. ભરેલા અરજી ફોર્મને વિદ્યાર્થીના સંબંધિત ઈ-મેઇલ આઇડી પર આપમેળે મોકલવામાં આવશે.




10. વિદ્યાર્થી દ્વારા નોંધણીનું અંતિમ સોપાન – ફાઈનલ સબમિશન




11. વિદ્યાર્થી દ્વારા પસંદ કરવામાં આવેલી તમામ યુનિવર્સિટી/કૉલેજોને સબમિટ કરેલી અરજી મોકલવામાં આવશે.

12. દરેક યુનિવર્સિટી/કૉલેજ ઉમેદવારોનું એક અલગ મેરિટ લિસ્ટ બનાવશે. યુનિવર્સિટી/કૉલેજને મેરિટ લિસ્ટ બનાવવા માટે અને ત્યાંના મેરિટ લિસ્ટ મુજબ વિદ્યાર્થીઓને ઈ-મેઇલ મોકલવા માટે કહેવામાં આવી શકે છે.

13. મેરિટ લિસ્ટના આધારે, પસંદ થયેલા વિદ્યાર્થી દસ્તાવેજની ચકાસણી અને ફી સબમિટ કરવા માટે યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેશે.

14. યુનિવર્સિટી/કૉલેજ વિદ્યાર્થીની પુષ્ટિ કરશે અને તેની નોંધણી કરશે.

**પાસવર્ડ રીસેટ કરવો – બદલવો** :વિદ્યાર્થી નીચે જણાવ્યા મુજબનાં સ્ટેપ્સ પછી કોઈ પણ સમયે તેમના પાસવર્ડને રીસેટ કરી શકે છે :

1. લોગ ઈન પેજ પર ઉપલબ્ધ Forgot Password ટેબ પર ક્લિક કરો.

2. વપરાશકર્તા વિદ્યાર્થીનું ઇ-મેઈલ આઇડી, એપ્લિકેશન નંબર અને જન્મતારીખની વિગત આપીને Submit બટન પર ક્લિક કરો.

3. રજિસ્ટર્ડ ઇ-મેઈલ આઇડી અથવા મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.

4. પાસવર્ડ રીસેટ કરો

**અન્ય મહત્ત્વપૂર્ણ સૂચનો :**

1. અંતિમ નોંધણી, ફાઈનલ સબમિશન પહેલાં તમામ પ્રશ્નો પૂર્ણ કરવા ફરજિયાત છે.

2. હંમેશાં અપડેટેડ, વપરાશમાં હોય તેવાં ઇ-મેઈલ આઇડી અને મોબાઈલ નંબરની વિગત ભરવાની ખાતરી કરો. આપેલા મોબાઈલ નંબર દ્વારા અરજી ફોર્મ સંબંધિત મહત્ત્વપૂર્ણ અપડેટ આપવામાં આવશે.

3. ઉમેદવારે માતા-પિતા/વાલીઓનો સક્રિય સંપર્ક નંબર સબમિટ કરવો ફરજિયાત છે.

4. લાયકાત સંબંધિત તમામ વિગતો યોગ્ય રીતે દાખલ કરવી ફરજિયાત છે. આને કારણે યુનિવર્સિટીઓ/કૉલેજોને સબમિટ કરેલા અરજી ફોર્મને શોર્ટલિસ્ટ કરવામાં મદદ મળે છે.

5. દસ્તાવેજની ચકાસણી અને અંતિમ નોંધણી માટે ઉમેદવારે યુનિવર્સિટી/કૉલેજની પસંદ કરેલી યાદી સંદર્ભે ઇ-મેઇલ મળ્યા પછી યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેવાની રહેશે.

6. વિકલાંગપણું : ઉમેદવારે શારીરિક વિકલાંગણાના 45 ટકાથી વધુનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.